# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : વિરલ રાણા

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૨૯-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## સાપુતારા મેઘ મલ્હાર પર્વ-૨૦૨૪ પ્રારંભ :

ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન એવા સાપુતારા ખાતે 'સાપુતારા મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪'નો આજે રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાએ પર્વનો આરંભ કરાવ્યો હતો..

પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા રાજ્ય સરકાર 'સાપુતારા-શબરી ધામથી સ્ટેચ્યુ ઓફ યુનિટી' સુધીની પ્રવાસન સર્કિટ વિકસાવવા બાબતે પણ કાર્યારંભ કરવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ મંત્રીએ કર્યો હતો.

ગિરિમથક સાપુતારા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ, રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા આજથી ૨૮ ઓગસ્ટ સુધી એટલે કે  એક માસ સુધી 'મોન્સૂન ફેસ્ટિવલ'નું ભવ્ય આયોજન કર્યું છે.'મેઘ મલ્હાર પર્વ' ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ સ્ટેપ ગાર્ડન સર્કલ પાસેથી 'રેઇન રન મેરેથોન'નો પણ પ્રારંભ કરાવાયો હતો.

**RNU અમદાવાદ**

---

## બોર્ડ પુરક પરીક્ષા-પરિણામ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે રાજ્યમાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું 30.48 ટકા પરિણામ જાહેર કર્યું છે.સત્તાવાર

માહિતી મુજબ,રાજ્યમાં જૂન અને જુલાઈ મહિના દરમિયાન લેવાયેલી આ પૂરક પરીક્ષા 26 હજાર 927 વિદ્યાર્થીએ આપી હતી.આમાંથી 8 હજાર 142 વિદ્યાર્થીઓ જ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થાય છે.

માર્ચ મહિનામાં પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય પરંતુ આ વર્ષે વિજ્ઞાન પ્રવાહમાં "બેસ્ટ ઑફ ટૂ"ના લાભ સાથે જૂન અને જુલાઈ મહિનાની પરીક્ષા માટે 8 હજાર 62 વિદ્યાર્થી નોંધાયા હતા.આમાંથી 4 હજાર 245 ઉમેદવારનું પરિણામ સુધર્યું છે.

**RNU અમદાવાદ**

---

## મુન્દ્રા-માદક દવા જથ્થો :

મુંદરા કસ્ટમ વિભાગે રાજકોટ સ્થિત વેપારી દ્વારા નિકાસ માટે લઈ જવાતા 110 કરોડ રૂપિયાના માદક દવાના જથ્થાને પકડી પાડ્યો હતો.મુંદરા કસ્ટમ વિભાગની સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચની ગુપ્ત બાતમી પરથી સક્રિય બનેલી કસ્ટમ અધિકારીની ટીમે 68 લાખ ગોળીનો આંતરરાષ્ટ્રીય બજારમાં 110 કરોડ રૂપિયાની કિંમતનો જંગી જથ્થો ઝડપી પાડ્યો હતો.આ જંગી જથ્થો જપ્ત કરીને કસ્ટમ અધિકારીઓએ રાજકોટ, ગાંધીનગર તેમજ ગાંધીધામ સુધી તપાસ લંબાવી હતી.

**RNU અમદાવાદ**

---

## વરસાદ-રાજ્ય :

રાજ્યમાં હાલ બે વરસાદી સિસ્ટમ સક્રિય છે.ત્યારે આગામી ૫ દિવસ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના

જણાવ્યા અનુસાર,આજે કચ્છ,મોરબી અને જામનગરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે,જ્યારે સમગ્ર રાજ્યના તમામ જિલ્લાઓમાં અતિભારે વરસાદ સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.રાજ્યમાં આજે વહેલી સવારથી વરસાદી વાતાવરણ વચ્ચે બપોરે ૧૨ વાગ્યાથી ૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૨૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે.

**NP-વિરલ રાણા**

------------------------------------------------------------------------------------------

## <u>વરસાદ-કચ્છ :</u>

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો 55.93 ટકા વરસાદ વરસ્યો છે.સૌથી વધુ 75.69 ટકા વરસાદ કચ્છ જિલ્લામાં વરસ્યો છે.દરમ્યાન કચ્છ જીલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે સવારથી ભુજ,અંજાર,નખત્રાણા,મુન્દ્રા,લખપત,અબડાસા સહિતના ગ્રામ્ય વિસ્તરોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.દરમ્યાન જીલ્લા કંટ્રોલ રૂમ પરથી મળતી માહિતી મુજબ આજે સાંજના ૪ થી ૬ વાગ્યા દરમ્યાન ભુજ અને રાપરમાં ૨ મિમી વરસાદ નોંધાયો હતો.

**NP-વિરલ રાણા**

------------------------------------------------------------------------------------------

## <u>આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ :</u>

આજે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય વાઘના કુદરતી રહેઠાણોના રક્ષણ માટે વૈશ્વિક વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો અને વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ અને સમર્થન

વધારવાનો છે.વિશ્વ વન્ય જીવન સંસ્થા મુજબ  ભારતમાં વાઘની વસ્તી હાલમાં સ્થિર છે અને વધી રહી છે.

**RNU અમદાવાદ**

---

## <u>સ્વામીનારાયણ વૈદિક ગુરુકુલમ-પ્રદર્શન :</u>

ભુજના સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ખાતે વિશેષ હિંડોળા તેમજ સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ પ્રદર્શનનો પ્રારંભ કરાયો હતો. આ પ્રદર્શનમાં ગાય આધરિત ખેતીથી પકવેલ અનાજ,દેશી ગાયનું ઘી,ઘાણીનું તેલ તેમજ જીવન ઉપયોગી વૈદિક વસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર બની છે.આ પ્રદર્શન દરમ્યાન સંતોની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી આધારિત  પ્રવચનોનું આયોજન કરાયું છે.

**NP-વિરલ રાણા**

---

## <u>પૂર્વ કચ્છ પોલીસ-ડ્રાઈવ :</u>

પૂર્વ કચ્છમાં ગુનાખોરી અટકાવવાના હેતુથી પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ગઈકાલે રવિવારે ટ્રાફિક ઉપરાંત,તમામ પોલીસ સ્ટેશનો દ્વારા વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.આ ડ્રાઈવ દરમ્યાન ૧૮૭ વાહનોમાંથી કાળાકાચ દુર કરાવી ૪૭ હજાર નો દંડ વસુલવામાં આવ્યો હતો.

**NP-વિરલ રાણા**

---